### CBSEની ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ વિવાદમાં,પરિણામોમાં ગરબડ

# OSM સિસ્ટમ સામે વિદ્યાર્થીઓનો આક્રોશ, ફી સુધારી ડેડલાઇન લંબાવી

### પોર્ટલ ક્રેશ થતા CBSEને ભૂલ સમજાઇ : ઉત્તરવહીઓમાં બ્લર પેજ, અન્ય વિદ્યાર્થીની કોપી, માર્કિંગમાં ભૂલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31 ધોરણ-12ના પરિણામો જાહેર થયા બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન તેની નવી ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમને લઈને ભારે વિવાદમાં સપડાયું છે. ઉત્તરવહીઓની ચકાસણીમાં ગરબડ અને રી-વેરિફિકેશન પ્રક્રિયામાં ખામીઓને કારણે લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. આ વર્ષે સીબીએસઈનું પાસ પરિણામ ગયા વર્ષના 88.39%થી ઘટીને 85.29% થયું છે, સાથે જ 90%થી વધુ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી છે. પરિણામ બાદ ઉત્તરવહીની સ્કેન કોપી મેળવવા માટે સીબીએસઈના પોર્ટલ પર 4 લાખથી વધુ અરજીઓ આવતાં પોર્ટલ ક્રેશ થઈ ગયું હતું. જે વિદ્યાર્થીઓને સ્કેન કોપી મળી, તેમને ઝાંખા પાના, ગુમ થયેલા પેજ, તપાસ્યા વિનાના જવાબો અને કેટલાક કિસ્સામાં તો અન્ય વિદ્યાર્થીની ઉત્તરવહી મળવાના આઘાતજનક કિસ્સા સામે આવ્યા. ઓએસએમ એટલે હાથથી લખેલી ઉત્તરવહીઓને ડિજિટલી સ્કેન કરીને કમ્પ્યુટર સ્ક્રીન પર તપાસવાની પદ્ધતિ. સીબીએસઈએ 9 ફેબ્રુઆરીએ પરિપત્ર બહાર પાડીને દાવો કર્યો હતો કે આનાથી ટોટલિંગની ભૂલો ઘટશે, મૂલ્યાંકન ઝડપી થશે અને માનવબળની જરૂર ઓછી પડશે. પરંતુ 17 લાખ વિદ્યાર્થીઓની 98 લાખ ઉત્તરવહીઓ એટલે કે 40 કરોડ પાના સ્કેન કરવા, તેની વાંચનક્ષમતા ચકાસવી અને તપાસવી જેવી પ્રક્રિયામાં સીબીએસઈ નિષ્ફળ ગયું. ઉલ્ટાનું, પરિણામ બાદ વેરિફિકેશન માટેની અરજીઓ અગાઉના વર્ષો કરતાં વધી ગઈ હતી. સમગ્ર મામલે શિક્ષણ, મહિલા, બાળ, યુવા અને રમતગમતની સંસદીય સ્થાયી સમિતિએ 2 જૂને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને સીબીએસઈ ચેરમેન રાહુલ સિંહને ઓએસએમના ઉપયોગ અને વિદ્યાર્થીઓની સમસ્યાઓની સમીક્ષા માટે બોલાવ્યા છે.

#### શિક્ષકોમાં તાલીમનો અભાવ હતો

ધો.12ની પહેલી બોર્ડ પરીક્ષા 17 ફેબ્રુઆરીએ હતી, જ્યારે શિક્ષકોને ઓએસએમ લાગુ કરવાની જાણ માત્ર 10 દિવસ પહેલા જ કરાઈ. તે સમયે શિક્ષકો શાળાની પરીક્ષાઓ અને બૂથ લેવલ ઓફિસર તરીકેની કામગીરીમાં વ્યસ્ત હતા. પોર્ટલ કેવી રીતે વાપરવું, માર્કિંગ કેવી રીતે કરવું તેની પૂરતી તાલીમ ન મળતાં મૂલ્યાંકનમાં ભૂલો થઈ.

#### 1 જૂનથી નવું વેરિફિકેશન પોર્ટલ શરૂ થશે

CBSEએ સ્કેન કોપી માંગવાની ડેડલાઇન લંબાવી અને ફીમાં સુધારો કર્યો. આઈઆઈટી મદ્રાસ અને કાનપુરના નિષ્ણાતોની મદદથી ટેક્નિકલ ખામીઓ દૂર કરાઈ રહી છે. 1 જૂનથી નવું વેરિફિકેશન પોર્ટલ શરૂ થશે. CBSEએ શાળાના આચાર્યોને રીલ્સ બનાવી ઓએસએમનો બચાવ કરવા સૂચના આપતું સોશિયલ મીડિયા કિટ પણ મોકલ્યું છે.

### અધિક માસની પૂનમ નિમિત્તે ભગવાનને એક હજાર કિલો કેરીનો અધિક આમ્રોત્સવ



બોચાસણ વાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે આજે રવિવારે અધિક મહિના ની પૂનમ નિમિત્તે સાંજે ૦૫.૦૦ વાગ્યે અલગ અલગ પ્રકારની એક હજાર કિલો કેરી નો ભવ્ય આમૃત્સવ ધરાવવામાં આવ્યો હતો.પ્રત્યેક રવિ સભા માં પધારતા આઠ હજારથી વધુ ભક્તો આ ભવ્ય આમ્રોત્સવ ના દર્શન કરી આનંદિત થયા હતા.

### ગાયત્રી પરિવાર અને સામાજિક સંસ્થાઓ દ્વારા વ્યસન મુક્તિ અભિયાનનો શંખનાદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.31 આજના આધુનિક યુગમાં વધતા જતા વ્યસનોના દૂષણને ડામવા અને સમાજને એક તંદુરસ્ત દિશા આપવા માટે ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય જનજાગૃતિ અને વ્યસન મુક્તિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ કરીને શ્રમજીવી ભાઈ-બહેનો, કડીયા કામ અને મજૂરી કામ કરતા લોકોને સંબોધીને વ્યસનની ગંભીર અસરો વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તાએ ઉપસ્થિત જનમેદનીને ખૂબ જ સંવેદનશીલ અને માર્મિક શબ્દોમાં સંબોધતા જણાવ્યું હતું કે, માણસ વ્યસન પાછળ પોતાના કષ્ટના કમાયેલા પૈસા તો બગાડે જ છે, સાથે સાથે પોતાનું શરીર પણ બગાડે છે. વ્યસનના કારણે જે ઘરમાં કેન્સર જેવી જીવલેણ બીમારી પ્રવેશે છે, તે આખું ઘર આર્થિક અને માનસિક રીતે ખલાસ થઈ જાય છે.

### નવરંગ, ઈશ્વરશાંતી, શ્રીજી અને માણકી ફીડર હેઠળના વિસ્તારોને અસર

## બે દિવસ સવારે 7 થી 11 વાગ્યા સુધી વિવિધ વિસ્તારોમાં વીજ કાપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.31 મધ્યગુજરાત વીજ કંપની દ્વારા જરૂરી વિક્ષેપાનું સમારકામ હાથ ધરવામાં આવનાર હોવાથી આગામી તા. 2 જૂન મંગળવાર અને તા. 5 જૂન શુક્રવારના રોજ સવારે 7 થી 11 કલાક સુધી વીજ પુરવઠો બંધ રહેશે. કાર્યપાલક ઈજનેર વડોદરા દ્વારા આ અંગેની જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. તા. 2 જૂન મંગળવારના રોજ નવરંગ ફિડરમાં આવતા ડાયમંડ જ્યુબેલી, કુંજ પ્લાઝા, જિલ્લા પંચાયત, એમ.પી. સી.લિખપાના, લક્ષ્મીવિલાસ પેલેસ, ઈન્દુમતિમહેલ, સેનાપતિ ભવન, રાજમહેલ એચ.ટી. સહિતના વિસ્તારોમાં વીજળી બંધ રહેશે. ઈશ્વરશાંતી ફીડરમાં અંબાલાલ પાર્ક ચારરસ્તા, ઈશ્વરશાંતી સોસાયટી, ચારમુજ કોમ્પ્લેક્સ, શિવસાગર એપાર્ટમેન્ટ, એચપી પેટ્રોલપંપ, એસએસજીએચ ક્વાર્ટર્સ, એમઆઈજી ક્વાર્ટર, શિવાંગ ફ્લેટ, મનીત સોસાયટી, શ્રી હરી એપાર્ટમેન્ટ તથા તેની આસપાસના વિસ્તારોમાં વીજકાપ રહેશે અને શ્રીજી ફીડરમાં શૈલેષપાર્ક, ચિરાગપાર્ક, વિશાલ કોમ્પ્લેક્સ, સુરેશપાર્ક, પુનિતનગર, મહેશ કોમ્પ્લેક્સ, પલ્લવપાર્ક, શ્યામ ચોકડી, રાજીવનગર સ્વિમિંગપુલ, નવચેતન તથા તેની આસપાસના વિસ્તારોમાં લાઈટ રહેશે નહીં. જ્યારે, 05 જૂન શુક્રવારના રોજ માણકી ફિડરમાં ઉમા ચાર રસ્તા, ભુવનગર, અવેરનગર, પ્રભાતનગર, ચંદનનગર તથા તેની આસપાસનો વિસ્તાર, વૃંદાવન એપાર્ટમેન્ટ, મધુપુરી, ખત્રીજાપાર્ક, નવજીવન પોસ્ટઓફિસ, કિસ્મતકોલોની, પરિતોષ, માણકી કોમ્પ્લેક્સ સહિતના વિસ્તારોમાં સવારે 7 થી 11 વીજ પુરવઠો ખોરવાશે. સમારકામની કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.

### મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી ગયું


## શહેરમાં મધરાત્રે તેજ પવનો સાથે વરસાદ,વીજળી ગુલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31 શહેરમાં મે મહિનાના અંતિમ દિવસે ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસને સ્પર્શી ગયો છે. રવિવારે રોજ શહેરનું મહત્તમ તાપમાન 40.0 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 22.8 ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, દિવસ દરમિયાન આકરી ગરમીની સાથે ભેજનું પ્રમાણ પણ વધઘટ થયું હતું. સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ 67% જેટલું ઊંચું રહ્યું હતું, જેના કારણે બફારો અને ઉકળાટનો અનુભવ થયો હતો. જોકે, સાંજ પડતાં ભેજનું પ્રમાણ ઘટીને 41% થઈ ગયું હતું. જૂન મહિનાની શરૂઆત સાથે ચોમાસાના આગમનની રાહ જોવાઈ રહી છે, પરંતુ હાલ તો વડોદરાવાસીઓને કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે, આ વચ્ચે મધરાત્રે શહેરમાં અચાનક પલટો આવ્યો હતો. તેજ પવનો ફૂંકાયા હતા અને સામાન્ય વરસાદ પડ્યો હતો. તેજ પવનોને કારણે કેટલાક વિસ્તારમાં ઝાડ, હોર્ડિંગ પડવા સહિતના બનાવો બન્યા હતા. જ્યારે અચાનક આવેલા વાતાવરણમાં પલટાથી કેટલાક વિસ્તારોમાં વીજળી પણ ગૂલ થઈ હતી. જેના કારણે ગરમીમાં લોકો હેરાન પરેશાન થયા હતા.હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 6 દિવસ શહેરનું વાતાવરણ પલટાવાનું છે. 31 મેથી 5 જૂન સુધી વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ અને તેજ પવન ફૂંકાવાની સંભાવના છે. 1 થી 5 જૂનથી પાંચ દિવસ મહત્તમ તાપમાન 39.0Cની આસપાસ રહેશે, જ્યારે લઘુત્તમ તાપમાન 28-29C વચ્ચે રહેશે. આ દિવસોમાં થન્ડરસ્ક્વૉલ એટલે કે 50-60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વાવાઝોડા અને વરસાદની આગાહી છે. 6 જૂન, શુક્રવારના રોજ હવામાનમાં રાહત મળશે.

### કુલપતિ-રજિસ્ટ્રાર પણ જ્યાંથી નીકળે તે ગેટ પર જોખમ

## MSU હેડ ઓફિસ બહાર મોટું ઝાડ કડડભૂસ થતા ગેટને નુકસાન

( પ્રતિનિધિ ), વડોદરા.તા.31 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના હેડ ઓફિસના મુખ્ય ગેટ ઉપર ગત રાત્રે ફૂંકાયેલા તેજ પવનોને કારણે એક મોટું ઝાડ ધરાશાયી થયું હતું. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી, પરંતુ યુનિવર્સિટીના મુખ્ય ગેટને નુકસાન થયું હતુ. જેને પગલે યુનિવર્સિટીના પૂર્વ સેનેટ સભ્યે મેનેજમેન્ટ સામે નારાજગી દર્શાવી હતી.



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના જાગૃત પૂર્વ સેનેટ સભ્ય કપીલ જોષીએ જણાવ્યું કે, હું આજે બપોરે 12 વાગ્યે ઘટનાસ્થળે હતો અને ત્યાંથી જ નીકળ્યો છું. આ બનાવ ગઈકાલે રાત્રે 9 વાગ્યા પહેલાનો છે, જ્યારે વાવાઝોડું તો રાત્રે 12 વાગ્યા પછી આવ્યું હતું. એટલે આ કુદરતી આફતને કારણે નહીં, પણ તંત્રની બેદરકારીને કારણે બન્યું છે. આ ગેટ પરથી દરરોજ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, શિક્ષકો તેમજ ખુદ કુલપતિ અને રજિસ્ટ્રાર પણ અવર-જવર કરે છે. ઝાડ પડ્યાને કલાકો વીતી ગયા છતાં યુનિવર્સિટી તંત્ર ઊંઘી રહ્યું છે. હજુ સુધી ઝાડ હટાવાયું નથી, એવો આક્ષેપ જોષીએ કર્યો હતો. લોકો પૂછશે કે જવાબદાર કોણ? યુનિવર્સિટી તંત્ર કે વડોદરા મહાનગરપાલિકા? દુઃખ સાથે કહેવું પડે કે ભાજપ સરકારમાં કોઈ જવાબદાર તંત્ર કે સરકાર હોતી નથી. નાગરિક જ જવાબદાર ગણાય અથવા તો કોંગ્રેસને જવાબદાર ઠેરવાય એમ કપીલ જોષીએ જણાવ્યું હતું.

### વડોદરાના પોશ વિસ્તારમાં રફતારનો કહેર

## દિવાળીપુરા વિસ્તારમાં બેફામ સ્પીડે BMW કારચાલકે તબાહી મચાવી

**પ્રચંડ અવાજથી** રહીશો ઘરની બહાર દોડ્યા, મોટી જાનહાનિ ટળી




(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરમાં લક્ઝુરિયસ કાર ચાલકો દ્વારા નશામાં અથવા તો બેદરકારીપૂર્વક વાહન હંકારીને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. મોડી રાત્રે નવી કોર્ટ રોડ પરથી એક હાઈસ્પીડ BMW કાર પસાર થઈ રહી હતી. કારની ઝડપ એટલી સીમાબાર હતી કે ચાલકે અચાનક જ સ્ટેયરિંગ પરથી પોતાનો કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ બહાર ગયેલી આ લક્ઝુરિયસ કારે રસ્તાની સાઈડમાં પાર્ક કરીને મૂકેલી અન્ય ગાડીઓને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતનો અવાજ એટલો પ્રચંડ અને બિહામણો હતો કે આસપાસના રહીશો અને સ્થાનિક લોકો અડધી રાતે ફફડી ઉઠ્યા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલા સ્થાનિક લોકોએ જ્યારે અકસ્માતનું દ્રશ્ય જોયું ત્યારે તેમનામાં ભારે રોષ જોવા મળ્યો હતો. જોતજોતામાં લોકોના મોટા ટોળેટોળાં ત્યાં એકઠા થઈ ગયા હતા અને બેજવાબદાર કારચાલક સામે ફિટકાર વરસાવા લાગ્યા હતા. સદનસીબે આ ઘટના મોડી રાત્રે ઘટી હોવાથી રસ્તા પર લોકોની અવરજવર નહિવત હતી, જેના કારણે એક મોટી જાનહાની ટળી ગઈ હતી અને કોઈ નિર્દોષ નાગરિકને ગંભીર ઈજાઓ પહોંચી ન હતી, જે ખૂબ જ રાહતના સમાચાર છે. અકસ્માત અંગેની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને ઉશ્કેરાયેલા લોકોના ટોળાને શાંત પાડી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ત્યારબાદ, અકસ્માત સર્જનાર BMW કારના ચાલક યુવકની ઘટનાસ્થળેથી જ અટકાયત કરી લેવામાં આવી હતી. પોલીસ તેને વધુ પૂછપરછ અને કાયદેસરની કડક કાર્યવાહી માટે પોલીસ મથકે લઈ ગઈ હતી. હાલમાં, કારચાલક અકસ્માત સમયે નશાની હાલતમાં હતો કે કેમ, તે દિશામાં પોલીસે મેડિકલ તપાસ સહિતની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

### કારનો આગળનો ભાગ ચકનાચૂર

## કાયાવરોહણ પાસે એસ.ટી.બસ -કાર વચ્ચે ટક્કર, પાંચ ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ) ડભોઈ/ વડોદરા, તા.31 ડભોઈથી સાળંગપુર જતી એસ.ટી. બસ અને કિયા કાર વચ્ચે કાયાવરોહણ નજીક સર્જાયેલા ગંભીર અકસ્માતમાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થતાં ભારે અરેરાટી ફેલાઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. જોકે સદનસીબે બસમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરોનો આબાદ બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી. મળતી માહિતી મુજબ, ડભોઈ ડેપોમાંથી સાળંગપુર તરફ જતી એસ.ટી. બસ કાયાવરોહણ નજીક જી.ઈ.બી. સ્ટેશન પાસેથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન સામેથી પૂરઝડપે આવી રહેલી કિયા કારના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતા કાર સીધી બસના આગળના ભાગ સાથે અથડાઈ હતી. અકસ્માતનો જોરદાર અવાજ સાંભળીને સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# દિલ્હીનો રિમોટ, ગુજરાતમાં બખેડો

## 'આપ'માં રાજકારણ કરતાં કાવતરાં વધુ!



પોતાના જ પક્ષના નેતા સામે કાવતરું રચવાના આરોપમાં શહેર પ્રમુખ પકડાય, એ કોઈ સામાન્ય ઘટના નથી. પરંતુ આમ આદમી પાર્ટીમાં છેલ્લા કેટલાક વર્ષોથી જે પ્રકારનું આંતરિક રાજકારણ ચાલી રહ્યું છે, તેને જોતા આ ઘટના હવે આશ્ચર્યજનક પણ રહી નથી.

ગુજરાતમાં આમ આદમી પાર્ટી હજુ સુધી મજબૂત સંગઠન ઊભું કરવામાં નિષ્ફળ રહી છે. તેનું સૌથી મોટું કારણ દિલ્હીથી થતો અતિશય દોરીસંચાર ગણાય છે. ગુજરાતની રાજનીતિ, અહીંના કાર્યકરો અને સ્થાનિક વાસ્તવિકતાઓને સમજવાને બદલે દિલ્હીથી આવતા નેતાઓ ઘણીવાર પોતાને અરવિંદ કેજરીવાલના રાજકીય વારસદાર અને સ્થાનિક કાર્યકરોને માત્ર પોસ્ટર લગાવનારા સૈનિકો સમજી બેસે છે.

પરિણામે પક્ષમાં કાર્યકરો કરતાં 'ખેમાબંધી' વધુ જોવા મળે છે. સંગઠન મજબૂત કરવાની જગ્યાએ કોણ કોને સાઈડલાઈન કરે તેની જ સ્પર્ધા ચાલતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચૂંટણીઓ આવે ત્યારે મોટા મોટા દાવા થાય, પરંતુ પરિણામો જાહેર થાય ત્યારે વાસ્તવિકતા સામે આવી જાય છે.

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ સામે વિકલ્પ બનવાના સપના જોતી પાર્ટી આજે પોતાના જ કાર્યકરો વચ્ચે વિશ્વાસ જાળવી શકતી નથી. જો હજુ પણ દિલ્હીથી થતો રિમોટ કંટ્રોલ બંધ નહીં થાય અને સ્થાનિક નેતૃત્વને સ્વતંત્રતા નહીં મળે, તો ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું રાજકીય ભવિષ્ય શોધવા માટે પણ કદાચ કોઈ 'ઈન્ટેલિજન્સ બ્યુરો'ની જરૂર પડી શકે!

## વડોદરામાં હવે 'જનપ્રતિનિધિ' નહીં, 'રબર પ્રતીક'! મોવડી મંડળે સ્ટિયરિંગ કમિશનરને સોંપ્યું?



સંસ્કારી નગરી વડોદરામાં વિકાસની નવી વ્યાખ્યા લખાઈ રહી છે. એક સમય હતો જ્યારે શહેરના વિકાસ અંગે નિર્ણયો ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ લેતા હતા, પરંતુ હવે એવી ચર્ચા છે કે વડોદરામાં સત્તાનું સાચું સરનામું મ્યુનિસિપલ કમિશનરની ઓફિસ બની ગયું છે. ચૂંટાયેલા હોદ્દેદારો પાસે હોદ્દા છે, ખુરશી છે, ફોટા છે, મંચ છે, પરંતુ સત્તા છે કે નહીં તે અંગે શહેરમાં ભારે ચર્ચા ચાલી રહી છે. તાજેતરમાં મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે એવા ચહેરાઓની પસંદગી કરવામાં આવી છે જેમને વહીવટી અનુભવ નામનો હોવાનું કહેવાય છે. પરિણામે શહેરના રાજકીય જાણકારોમાં એવી ચર્ચા છે કે આ કોઈ અકસ્માત નથી, પરંતુ ખૂબ જ વિચારીને ગોઠવાયેલી વ્યૂહરચના છે. કદાચ મોવડી મંડળે નક્કી કરી લીધું હોય કે "જ્યાં ડ્રાઈવરો વધારે હોય ત્યાં ગાડી ખાડામાં જ જાય." છેલ્લા કેટલાક વર્ષોમાં ધારાસભ્યો, કોર્પોરેટરો અને હોદ્દેદારો વચ્ચેના આંતરિક વિખવાદો, ખેંચતાણ અને શ્રેય લેવાની રાજનીતિએ શહેરના અનેક વિકાસકાર્યોને બ્રેક મારી દીધી હતી. પરિણામે હવે કદાચ એક નવી ફોર્મ્યુલા અમલમાં મુકાઈ છે–"રાજકારણીઓ બોલશે, કમિશનર કરશે." હવે એવી સ્થિતિ સર્જાઈ હોવાનું કહેવાય છે કે શહેરમાં કયો રોડ બનશે, કયો પ્રોજેક્ટ આગળ વધશે, કઈ ફાઈલ દોડશે અને કઈ ફાઈલ ધૂળ ખાશે તેનો અંતિમ નિર્ણય ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરતાં કમિશનરની ટેબલ પર વધુ નિર્ભર બની ગયો છે. એટલે હવે કોર્પોરેટરો પાસે જનતાના પ્રશ્નો સાંભળવાની જવાબદારી છે અને કમિશનર પાસે તે પ્રશ્નો ઉકેલવાની સત્તા. રાજકીય વર્તુળોમાં તો મજાકમાં એવું પણ કહેવાઈ રહ્યું છે કે હવે વડોદરામાં મેયર અને સ્થાયી અધ્યક્ષની ભૂમિકા લગ્નમાં વરરાજાના મિત્ર જેવી બની ગઈ છે–ફોટોગ્રાફમાં મહત્વપૂર્ણ દેખાય, પરંતુ નિર્ણયો બીજાઓ લેતા હોય! અલબત્ત, જો આ ગોઠવણથી શહેરના વિકાસને વેગ મળે, પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થાય અને ભ્રષ્ટાચાર પર અંકુશ આવે તો નાગરિકોને કદાચ કોઈ વાંધો ન હોય. પરંતુ લોકશાહીમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા માત્ર રિબન કાપવા અને અભિનંદન સંદેશા આપવા પૂરતી રહી જાય તો એ પણ ચિંતાનો વિષય છે. હાલ તો શહેરમાં એક જ ચર્ચા છે: "વડોદરામાં સત્તા કોની? જવાબ એક જ–જેની સહી વગર ફાઈલ આગળ ન વધે તેની!"

## ડીઈઓ કચેરીમાં ખાનગી શાળાઓના "જાસૂસ" બધી માહિતી પહોંચી જાય છે



વડોદરામાં ખાનગી શાળાઓ હવે માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ "સ્વતંત્ર શાસન"નો પણ ઉત્તમ પાઠ ભણાવી રહી હોય તેવું લાગી રહ્યું છે. સરકારના નિયમો, પરિપત્રો અને સૂચનાઓ અહીં માત્ર વાંચવા માટે હોય છે, પાલન કરવા માટે નહીં. બીજી તરફ આ નિયમોનું પાલન કરાવવાની જવાબદારી ધરાવતી જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરી જાણે "જુઓ અને જવા દો"ની નીતિ પર ચાલી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. તાજેતરમાં એક જાણીતી ખાનગી શાળાએ ઉનાળુ વેકેશન દરમિયાન ધમધમતી શાળા ચાલુ રાખી. સૌથી રસપ્રદ બાબત તો એ રહી કે જો કોઈ પૂછે તો શું જવાબ આપવો તેની પણ બાળકોને "વિશેષ તાલીમ" અપાઈ હોવાના આક્ષેપ થયા. સામાન્ય રીતે શાળામાં સત્ય, નૈતિકતા અને મૂલ્યોનું શિક્ષણ અપાતું હોય છે, પરંતુ અહીં કદાચ અભ્યાસક્રમમાં "પરિસ્થિતિ પ્રમાણે જવાબ કેવી રીતે બદલવો" નામનો નવો વિષય ઉમેરાયો હોય એવું લાગ્યું. આ બાબતની જાણ થતાં DEO કચેરીએ પણ પોતાની ફરજ નિભાવવા માટે તપાસ ટીમ મોકલવાનો નિર્ણય લીધો. પરંતુ અહીં તો સિસ્ટમની કાર્યક્ષમતા એટલી ઝડપી નીકળી કે ટીમ પહોંચે તે પહેલાં જ તપાસની માહિતી સંબંધિત શાળા સુધી પહોંચી ગઈ હોવાની ચર્ચા છે. પરિણામે બીજા દિવસે ટીમ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે શાળા બંધ અને દરવાજા પર તાળા તૈયાર મળ્યા. જાણે કોઈ ફિલ્મના ક્લાઈમેક્સ પહેલાં જ વિલનને આખી સ્ક્રિપ્ટ મળી ગઈ હોય! ટીમ ખાલી હાથે પરત ફરી અને ત્યારબાદ કડક કાર્યવાહી તરીકે એક નોટિસ ફટકારવામાં આવી. હવે આ નોટિસથી શાળા સંચાલકો કેટલા ડરી ગયા હશે તે તો તેઓ જ જાણે, પરંતુ શહેરની અન્ય ખાનગી શાળાઓએ જરૂરથી એક સંદેશો લઈ લીધો હશે કે નિયમ ભંગ કર્યા પછી મહત્તમ જોખમ એક નોટિસનું જ છે. આખી ઘટનામાં સૌથી મોટો સવાલ એ છે કે જો નિયમ તોડનારને પહેલેથી જ તપાસની જાણ થઈ જાય અને પછી પણ કાર્યવાહી માત્ર કાગળ પૂરતી રહે, તો પછી નિયમોનો ડર કોને રહે? કદાચ હવે શિક્ષણ વિભાગે "અચાનક તપાસ" શબ્દની વ્યાખ્યા પણ બદલવી પડશે–અહીં અચાનક માત્ર તપાસ કરનારી ટીમ માટે જ હોય છે, તપાસ થનારા માટે નહીં. વાલીઓ આજે ફી, ગણવેશ, પુસ્તકો, આરટીઈ અને વેકેશન જેવા મુદ્દે સતત સંઘર્ષ કરી રહ્યા છે. પરંતુ જ્યારે નિયંત્રણ કરનાર તંત્ર જ નબળું પડે ત્યારે ખાનગી શાળાઓ માટે દરેક નિયમ માત્ર એક સૂચન બની જાય છે. અને પછી શિક્ષણ સેવા નહીં, પરંતુ સફળ બિઝનેસ મોડલ બની જાય છે. વડોદરાના શિક્ષણ તંત્રને કદાચ હવે એક નવા સૂત્રની જરૂર છે:"નિયમો સૌ માટે સમાન છે... પરંતુ કેટલાક માટે માત્ર વાંચવા પૂરતા છે."

## ખુરશી ગઈ ને ખુશી ગઈ! શુભેચ્છા આપવા પણ હાથ હેઠા પડ્યા!



વડોદરા ભાજપમાં નવા હોદ્દેદારોની જાહેરાત થતાં જ રાજકારણ કરતાં વધુ રસપ્રદ દશ્યો જોવા મળી રહ્યા છે. ચૂંટણી દરમિયાન જનસેવાના મોટા મોટા દાવા કરનારા કેટલાક કાઉન્સિલરો હોદ્દાની જાહેરાત બાદ અચાનક જ જાહેર જીવનમાંથી અદ્રશ્ય થઈ ગયા હોય તેવી ચર્ચા ચાલી રહી છે.રાજકીય વર્તુળોમાં કટાક્ષ થઈ રહ્યો છે કે ટિકિટ મળવી, ચૂંટણી જીતવી અને સત્તાધારી પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિ બનવું કદાચ હવે પૂરતું નથી. સાચી સફળતા તો ખુરશી મળે ત્યારે જ ગણાય! હોદ્દો ન મળતાં કેટલાક દાવેદારો એવા નારાજ થયા હોવાનું કહેવાય છે કે નવા હોદ્દેદારોને અભિનંદન આપવા માટે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ પણ મૂકી શક્યા નથી.સૌથી રસપ્રદ બાબત એ છે કે જે ચહેરાઓના નામ હોદ્દા માટે સૌથી વધુ ચર્ચામાં હતા, તેઓ જ સ્વાગત સમારોહ અને ઉજવણીઓમાંથી ગાયબ રહ્યા. જાણે ચૂંટણીમાં જનતાએ નહીં, પણ માત્ર હોદ્દા માટે જ મત આપ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.શહેરમાં લોકો પણ મજાકમાં કહી રહ્યા છે કે રસ્તા, ગટર, પાણી અને વિકાસના પ્રશ્નો તો પછી જોશું, પહેલા નારાજ નેતાઓનું 'રીહેબિલિટેશન પેકેજ' જાહેર થવું જોઈએ. કારણ કે કેટલાક માટે જનસેવા કરતાં પદસેવા વધુ મહત્વની જણાઈ રહી છે.હવે પ્રશ્ન એ છે કે આ નારાજગી થોડા દિવસની છે કે પછી અંદરોઅંદર ચાલતી જૂથબંધી આગામી સમયમાં વધુ ખુલ્લી પડશે? એક વાત ચોક્કસ છે–વડોદરાની જનતા હાલ વિકાસ કરતાં વધુ રસ ભાજપના આ 'ખુરશી કાંડ'માં લઈ રહી છે!